# ગાંધીનગરમાં ૪૫ ફૂટ ઊંચા માનસ્તંભની ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા

**આચાર્ય સુનીલસાગરજી મહારાજના સાનિધ્યમાં જિનેન્દ્ર માનસ્તંભ ભવ્ય પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન : ૯મી નવેમ્બરથી યોજનાર મહોત્સવમાં ૪ મુમુક્ષો દિક્ષા પ્રાપ્ત કરશે : મહોત્સવ દરમ્યાન મુખ્યમંત્રી પણ દર્શનાર્થે પધારશે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ સ્થિત મહાવીર સ્વામી દિગંબર જૈન દેરાસર ખાતે આચાર્ય સુનીલ સાગરજી મહારાજ સહિત ૪૩ પિચ્છી સસંઘના સાનિધ્યમાં આગામી તા. ૯ થી ૧૪ નવેમ્બર દરમ્યાન શ્રીમદ્ જિનેન્દ્ર માનસ્તંભ ભવ્ય પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. આ પ્રસંગે દેરાસરના પ્રાંગણમાં નિર્મિત ૪૫ ફૂટ ઊંચા માનસ્તંભની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે તેમજ મહોત્સવ દરમ્યાન ચાર મુમુક્ષોને આચાર્ય સુનીલસાગરજી મહારાજ દિક્ષા આપશે. પ્રતિષ્ઠા મહોત્સવમાં ૧૧મી નવેમ્બરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પધારે તેવી શક્યતા છે. પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં ૧૦૮ ઈન્દ્રો પૂજામાં સ્થાન પ્રાપ્ત કરશે.

પાંચ દિવસ ચાલનારા પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં દરરોજ અંદાજે ૧૦ હજાર જેટલા શ્રદ્ધાળુઓ અન્ય રાજ્યોમાંથી દર્શનાર્થે આવશે તે સાથે મહોત્સવ દરમ્યાન અંદાજે ૧ લાખ જેટલા દર્શનાર્થીઓ મહોત્સવમાં સામેલ થશે તેવી ધારણા છે. પંચકલ્યાણક મહોત્સવમાં તા. ૯મી નવેમ્બરે ધ્વજારોહણ યોજાશે ત્યાર બાદ તા. ૧૦મીએ ગર્ભ કલ્યાણક, ૧૧મીએ જન્મ કલ્યાણક, ૧૨મીએ તપ કલ્યાણક, ૧૩મીએ કેવલ્ય જ્ઞાન કલ્યાણક તથા તા. ૧૪મીએ મોક્ષ કલ્યાણક યોજાશે. તા. ૯મી નવેમ્બરે જૈનેશ્વરી દિક્ષા યોજાશે. જેમાં ચાર મુમુક્ષુઓ વિશાલ ભૈયાજી, સજ્જનદેવી મિન્ડા, ચિંતામણી ભૈયાજી અને વિશાલ ડોરિયાને આચાર્ય સુનીલસાગરજી મહારાજ દિક્ષા પ્રદાન કરશે. આ ઉપરાંત તા. ૧૧મી નવેમ્બરે સસંઘનો પિચ્છી પરિવર્તન સમારોહ યોજાશે જેમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

## માત્ર ૨૫ દિવસમાં માનસ્તંભ તૈયાર કરવાનો વિશ્વ વિક્રમ

દિગંબર જૈન દેરાસરમાં જે માનસ્તંભની પ્રાણ પ્રતિષ્ઠા યોજાનાર છે તે ગાંધીનગર જિલ્લાનો પ્રથમ માનસ્તંભ છે અને તે ગાંધીનગર જિલ્લાનો પ્રથમ માનસ્તંભ અને તે માત્ર ૨૫ દિવસમાં તૈયાર થયો હોય તેવો વિશ્વનો પ્રથમ માનસ્તંભ છે. આ માનસ્તંભનો શિલાન્યાસ તા. ૨જી ઓગષ્ટે કરાયો હતો અને આ પહેલો એવો માનસ્તંભ છે જેની પ્રતિષ્ઠાની તિથી શિલાન્યાસ કર્યા પહેલા જ નક્કી થઈ ગઈ હતી.

## બંસી પહાણપુરનો ૩૫૦ ઘનફુટ ગુલાબી પથ્થર વપરાયો

માનસ્તંભ તૈયાર કરવા માટે રાજસ્થાનના સિરોહીના ૮૦૦ જેટલા કારીગરોએ બંસી પહાણપુરના ૩૫૦ ઘનફુટ ગુલાબી પથ્થરનો ઉપયોગ કરીને માત્ર ૨૫ દિવસમાં ૪૧ ફુટ ઊંચો સ્તંભ તૈયાર કર્યો છે જે ધજા સાથે કુલ ૪૫ ફુટ ઊંચાઈ પ્રાપ્ત કરશે. માન સ્તંભમાં ૮ જૈન તિર્થંકરોની મૂર્તિઓ સ્થાપિત થશે જે પ્રત્યેક મૂર્તિ ૧૮ ઈંચની હશે. આ મૂર્તિઓ જયપુરના મકરાણા પથ્થરમાંથી વાસ્તુશાસ્ત્ર અનુસાર બનાવાઈ છે. માનસ્તંભના દર્શન કરનારનું અભિમાન આપોઆપ ઓગળી જાય તેવો આ સ્તંભ સ્થાપનનો હેતુ છે.

## પ્રતિષ્ઠા બાદ ગાંધીનગરથી ગિરનાર અંહિસા સદ્ભાવના યાત્રા

પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સાથે જ આચાર્ય સુનીલસાગરજીના ચાતુર્માસનું સમાપન થશે. મહોત્સવના બીજા દિવસે મહારાજ વિહાર કરી કોબા જૈનતિર્થ ખાતે જવા રવાના થશે જ્યાં ૧૦ દિવસના રોકાણ બાદ તેમની ગાંધીનગરથી ગિરનાર સુધીની 'અહિંસા સદ્ભાવના ગિરનાર યાત્રા' યોજાશે જેનો હેતુ અહિંસાનો વિશ્વવ્યાપી પ્રચાર કરવાનો રહેશે.



ધનતેરસનો દિવસ એટલે ભગવાન ધન્વન્તરીના પૂજનનું અનોખુ મહત્વ હોય છે. આજે જિલ્લા પંચાયતના પ્રાંગણમાં ધન્વન્તરી પૂજનના યોજાયેલ નોખા કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી કોયા, શ્રીમતિ કોયા, પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ એ તેમના પતિ શનાભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન નરેશ ઠાકોર અને શ્રીમતિ ઠાકોર તેમજ તમામ કર્મચારીઓ જોડાયા હતા અને યજ્ઞમાં આહુતિ આપી હતી.

## મુખ્યમંત્રી નૂતનવર્ષે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છા આપ-લે કરશે

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તા. ૮ નવેમ્બર-૨૦૧૮ને ગુરૂવારે નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮ થી ૮.૪૫ સુધી નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રક્કદાન કરશે. મુખ્યમંત્રી વિક્રમ સંવત ૨૦૭૫ના પ્રથમ દિવસે સવારે ૭.૩૦ કલાકે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે. મુખ્યમંત્રીશ્રી ૮.૫૦ કલાકે રાજ્યપાલશ્રીને રાજભવન ખાતે શુભેચ્છાઓ પાઠવશે.

વિજયભાઈ રૂપાણી સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. તે પૂર્વે તેઓ ૯-૪૫ વાગ્યે અમદાવાદમાં ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે જવાના છે.

# રિવોલ્વરની અણીએ મારું અપહરણ કરીને ગોંધી રાખવામાં આવ્યો હતો : અંકિત બારોટ

**અપહ્યુત અંકિત બારોટે ભાજપના નેતાઓ સામે નોંધાવી પોલીસ ફરિયાદ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટ આજે મનપાના મેયર પદની ચૂંટણી પૂર્ણ થયા બાદ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીએ ફરિયાદ કરવા પહોંચ્યો હતો. ભાજપના નેતાઓ દ્વારા ગઈકાલે અંકિત બારોટનું અપહરણ કરી લેવાયું હોવાનું અને ત્યારબાદ રિવોલ્વરની અણીએ તેને અલગ અલગ જગ્યાએ ફેરવીને ગોંધી રાખ્યો હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે.

અંકિત બારોટે આપેલી ફરિયાદ મુજબ ગઈકાલે કેતન પટેલ અને તેના ભાઈ મગન પટેલે ગઈકાલે અંકિતના ઘરેથી તેનુ અપહરણ કરી લીધું હતું. સેક્ટર ૨૪ માં અંકિતને તેના ઘરેથી ઉઠાવીને વાવોલ લઈ જવાયો હતો અને ત્યાંથી બીજા સાગરીતો સાથે મળીને તેને ધનસુરા લઈ જવાયો હતો. શક્તિ ક્વોરી અને ધનસુરાના



ફાર્મહાઉસમાં અંકિતને ગોંધી રાખવામા આવ્યો હોવાનું અંકિતે આપેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે. ગઈકાલે મોડી રાત્રે ત્રણેક વાગે અંકિત ઊઠ્યો ત્યારે તેના પર વોચ રાખીને બેઠેલી ટોળકી સુઈ ગઈ હતી. આ તકનો લાભ લઈને બીજાનો મોબાઈલ લઈને અંકિતે તેના મિત્રને ફોન કરીને લોકેશન આપ્યું હતું.

જો કે જે ડ્રાઈવર નો મોબાઈલ લીધો અને વાત કરી તે ડ્રાઈવર જાગી જતા અંકિત પાસેથી ફરી મોબાઈલ લેવાયો હતો. ત્યારબાદ લોકેશન બદલી નાખવામાં આવ્યું હતું અને આજે સવારથી જ અંકિતને રિવોલ્વરની અણીએ મધ્યપ્રદેશ બોર્ડર લઈ જવાયો હતો. આજે બપોરે મેયર પદની ચૂંટણી પૂરી થયા બાદ અંકિતને નાના ચિલોડા પાસે છોડી દેવાયો હતો. ત્યારબાદ અંકિત એસપી ઓફિસ આવ્યો હતો અને ઘટનાક્રમ અંગે એસ.પી ને વાકેફ કરીને સેક્ટર ૨૧ પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવવા પહોંચ્યો હતો. કેતન પટેલ અને તેના ભાઈ મગન પટેલ સહિત આશરે ૩૫ વ્યક્તિઓ સામે અંકિત બારોટે ફરિયાદ આપતા સેક્ટર૨૧ પોલીસે ગુનો દાખલ કરવા ગતિવિધિ કરીને આ મામલાની ઝીણવટભરી તપાસ શરૂ કરવા કવાયત શરૂ કરી હતી.

# વિદેશી દારૂની હેરાફેરી કરતા તત્ત્વો પર અડાલજ પોલીસનો સપાટો

દિવાળીના તહેવારને પગલે ગુજરાતમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઘુસાડવા બુટલેગરો અવનવા કીમિયા અપનાવી રહ્યા છે ત્યારે આ બુટલેગરોના કીમિયાઓને નિષ્ફળ બનાવવા પોલીસ પણ સક્રિય થઈ છે. અમદાવાદમાં દારૂનો જથ્થો લઈ જવા માટે હિંમતનગર-અમદાવાદ હાઈવે અને મહેસાણા-અમદાવાદ હાઈવે મુખ્ય રસ્તા છે. મહેસાણા- હિંમતનગર હાઈવે પરથી લક્ઝરી અને બસમાં વિદેશી દારૂ ભરીને બુટલેગરો અમદાવાદ માલ લઈ જઈ રહ્યા હોવાની બાતમીના આધારે અડાલજ પોલીસે વોચ ગોઠવીને વિદેશી દારૂની હેરાફેરી કરતા તત્વો પર સપાટો બોલાવ્યો છે. એક જ દિવસમાં શેરથા ટોલટેક્સ નજીકથી અડાલજ પોલીસે એક લક્ઝરી અને એક રાજસ્થાન પરિવહન નિગમની બસ પકડીને તેમાંથી મસમોટો દારૂનો જથ્થો પકડી પાડયો છે. અડાલજ પોલીસે બંને ગુનો દાખલ કરીને મુખ્ય બુટલેગરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની સૂચનાથી હાઈવે પર થતી વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા અને તેમને પકડવા અડાલજ પીઆઈ જે.જી વાઘેલાની ટીમ સક્રિય છે ત્યારે આજે એક જ દિવસમાં અડાલજ પોલીસની ટીમે વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને જતી લક્ઝરી બસ અને રાજસ્થાન પરિવહન નિગમની બસ પકડી પાડી છે. શેરથા કસ્તુરીનગર સર્વિસ રોડ પરથી અડાલજ પોલીસે બાતમીના આધારે રાજસ્થાન પરિવહન નિગમની એસટી બસ નંબર આર.જે ૦૪ પીએ ૪૮૪૪ ને પકડીને



૫૪,૪૦૦ની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. તો બીજી તરફ શેરથા ટોલટેક્સ મહેસાણા અમદાવાદ હાઈવે રોડ ઉપરથી પોલીસે આર.જે ૨૭પીબી ૭૧૨૨ નંબરની લક્ઝરી બસમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. પોલીસે કુલ ૧,૧૭,૭૫૬ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો આ લક્ઝરીમાંથી જપ્ત કરી ક્લીનર શંકર ચેનારામ દેવાસી નામના પાલી જિલ્લાના શખ્સની ધરપકડ કરી છે. જ્યારે ડ્રાઈવર વીરા સદારામ નામનો શખ્સ ફરાર થઈ ગયો છે. અડાલજ પોલીસે બંને ગુના દાખલ કરી કુલ રૂ.૧.૭૨ લાખની કિંમતનો દારૂ જપ્ત કરી મુખ્ય બુટલેગરો સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

## કપાતા જંગલોની ફરિયાદ લઈને દીપડો સચિવાલયની મુલાકાતે..!!!

**સચિવાલય સંકુલમાં દીપડો ઘુસ્યાની ઘટના સોશ્યલ મિડિયા પર છવાઈ**

ગાંધીનગરમાં આજે દીપડાનું સચિવાલય સંકુલમાં આગમન થવાની ઘટના ખૂબ ચર્ચાસ્પદ બની હતી. આ ઘટનાનો સોશ્યલ મિડિયા પર પણ નેટીઝન્સે ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો. કેટલાક અંશો અત્રે પ્રસ્તુત છે.

- આજે સચિવાલયમાં દીપડા તેરસ નિમિત્તે રજા.
- સચિવાલયના જાંપે માણસોને આવતા અટકાવવા ભાલા રોપ્યાં તો નીચેથી જનાવર ઘુસી ગયું.
- કપાતા જંગલોની ફરિયાદ લઈ દીપડો સચિવાલયમાં મંત્રીશ્રીઓની મુલાકાતે
- ગરબડદાસ : સાંભળ્યું ? વિધાનસભા સંકુલમાં દીપડો ઘુસી ગયો છે !!
  ઓધડદાસ : બિચ્ચારૂ, ભોળુ પ્રાણી, આખા ગુજરાતમાંથી વીણીવીણીને ભેગા કરેલા ખૂંખાર પ્રાણીઓ વચ્ચે ફસાઈ ગયુ, ભગવાન એને બચાવે..!
- વાઘબારસની જેમ દીપડો પણ પોતાના નામ સાથે કોઈ તહેવાર ઉજવાય તે માટે આવેદનપત્ર આપવા આવ્યો.
- સચિવાલયમાં જંગલરાજ ચાલે છે તેથી વન્ય પ્રાણીઓ આવે તે અપેક્ષિત છે, આ સમાચાર કે નવીન ઘટના નથી, માણાસો આવતા બંધ થયા છે અને જંગલી પશુઓ આવવાની શરૂઆત થઈ છે. લાગણી અને માનવતા વિનાનો મોટો સમુહ સચિવાલયમાં હોય છે એટલે અન્ય પ્રાણીએ મળવા આવવું પડે તે સ્વાભાવિક છે. એકલો દીપડો રેકી કરી જશે, પછી ટોળુ લઈને આવશે.
- સરકારનું અક્કડ વલણ યથાવત, દીપડાને બહાર કાઢવા કાફલો તૈનાત, દીપડાની ફરિયાદ સાંભળવાનો સ્પષ્ટ ઈન્કાર.

## રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા યુથ એક્ષચેન્જના યુવાનોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા એક અનોખા કાર્યક્રમનુ આયોજન ફીઝીયોથેરાપી સેન્ટર સેક્ટર-૨૨ ખાતે કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં રોટરેકટ સભ્યો, એ.એફ.એસ. ઈન્ડિયાના યુવાનો અને રોટરી સદસ્યો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં અમેરિકન ફિલ્ડ સર્વિસ (એ.એફ.એસ.) ગાંધીનગરના પ્રમુખ ડૉ. વર્ષા પારેખે ઉપસ્થિત રહી એ.એફ.એસ. ઈન્ડિયાની શરૂઆત, તેના ઉદ્દેશ્યો, કાર્યો તથા સભ્યની વિસ્તૃત માહિતી આપી હતી અને રોટરી કલબ ઓફ ગાંધીનગરનો આભાર વ્યકત કર્યો હતો. એ.એફ.એસ. અંતર્ગત એક વર્ષના અભ્યાસ હેતુ વિવિધ દેશમાંથી પધારેલ યુવાનો જેમાં જાપાનથી ઈપ્પો, ટર્કીથી કાન અને ઈટલીથી ફ્રાન્સિસ્કો (શિક્ષક) દ્વારા પોતાના અનુભવોમાં જણાવ્યું કે અમે પોતાના જ ઘરે રહેતા હોય તેવો પ્રેમ અને હુંફ અહીંના લોકો પાસેથી મળે છે. ગુજરાતના ગરબા, કલ્ચર, ભાષા અને વ્યંજન ખૂબ જ પસંદ આવ્યા અને તેનો આનંદ વ્યકત કર્યો હતો તથા સાથે સાથે પોતાના દેશના તહેવારો, કલ્ચર, પહેરવેશ અને રીત રિવાજની રસપ્રદ વાત કરી હતી. દર વર્ષે રોટરી કલબ દ્વારા ઈન્ટરનેશનલ રોટરી યુથ એક્ષેન્જ પ્રોગ્રામ યોજાય છે જેમાં આ વર્ષે ગાંધીનગરથી સિધ્ધાર્થ બારોટ (ડેન્માર્ક) અને મલ્હાર પટેલ (જર્મની) ગયેલ હતા જેમાં સિધ્ધાર્થ બારોટે પોતાના અનુભવની ચર્ચા કરી હતી અને રોટરી કલબ ઓફ ટોરી ઓલ્દમ, ડેન્માર્કનો ફગેલ રોટરી પ્રમુખને આપ્યો હતો.








